# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## પ્રેસનોટ

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના કોમ્પ્યુટર વિષયનું પેપર સોશિયલ મિડીયા પર વાયરલ થયુ તેવાં સોશિયલ મિડીયાના અહેવાલ બાબતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અખબારીયાદી જણાવે છે કે, આજરોજ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના કોમ્પ્યુટર વિષયનું પેપર બપોરના ૦૩:૦૦ કલાકથી ૦૫:૧૫ કલાકની વચ્ચે હતું. જે પરીક્ષા રાજ્યના પરીક્ષાના ૬૦૬ બિલ્ડીંગો પર યોજાયેલ હતી. જેમાં ૧,૦૮,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેનાર હતા.

વિદ્યાથીઓનો પ્રવેશ પરીક્ષાના બિલ્ડીંગ પર બપોરના ૦૨:૩૦ કલાકે થઈ ગયેલ અને સોશિયલ મિડીયામાં ફરતાં પેપર વિશેની માહિતી બોર્ડને બપોરના ૧૬:૪૫ કલાકે મળેલ હતી. ટ્વીટર ઉપર મળ્યું હતું તે પેપરમાં કોમ્પ્યુટર વિષયના ૧૨ જેટલા પ્રશ્નો જોવા મળેલ છે. વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત થઈ ગયા બાદ કોઈ તત્વ દ્વારા આ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી હોય તેમ જણાય છે. બોર્ડનું પેપર લીક થયું નથી કે ફૂટેલ નથી, પોલીસતંત્રને આ બાબતે જરૂરી કાર્યવાહી કરવા જાણ કરવામાં આવેલ છે.

(એમ.કે.રાવલ)
નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર.

તા.૨૭/૦૩/૨૦૨૩
સ્થળ:- ગાંધીનગર